# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 25-05-2024 બપોરે : 1.20થી 1.30

વાર : શનિવાર

આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

---

- ✓ લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કાની 58 બેઠકોની થઇ રહેલી ચૂંટણીમાં 11 વાગ્યા સુધીમાં સરેરાશ 26 ટકા મતદાન નોંધાયું...
- ✓ લોકસભા ચૂંટણીના સાતમા તબક્કા માટે વિવિધ પક્ષોના સ્ટાર પ્રચારકો ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે.
- ✓ ડીડી ન્યૂઝને આપેલા ઇન્ટરવ્યૂમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ચૂંટણી લોકતંત્રનો સૌથી મોટો ઉત્સવ, રાજકીય પક્ષોએ કામોનો હિસાબ આપવો જોઈએ.
- ✓ દેશના વિદેશી હૂંડિયામણમાં સતત ત્રીજા સપ્તાહે વિક્રમજનક વધારો..
- ✓ ગુજરાત સહિત ઉત્તર ભારતના રાજ્યોમાં હીટવેવની સ્થિતિ યથાવત.
- ✓ ભારતીય મહિલા તીરંદાજોએ દક્ષિણ કોરિયામાં આયોજીત તીરંદાજી વિશ્વકપમાં સુવર્ણ અને રજત ચંદ્રક જીત્યા.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# *SIXTH PHASE VOTING*

લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કા માટે શાંતિપૂર્ણ રીતે મતદાન ચાલી રહ્યું છે. આ તબક્કામાં સાત રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મૂ કાશ્મીરની કુલ 58 બેઠકો માટે મતદાન થઈ રહ્યું છે. જેમાં ઉત્તર પ્રદેશની 14, હરિયાણાની તમામ 10, બિહાર અને પશ્ચિમ બંગાળમાં 8-8, દિલ્હીની તમામ 7, ઓડિશાની 6, ઝારખંડની 4 અને જમ્મૂ કાશ્મીરની એક બેઠક પર મતદાન થઈ રહ્યું છે. સવારે સાત વાગ્યાથી શરૂ થયેલું મતદાન સાંજે છ વાગ્યા સુધી ચાલશે.

ચૂંટણી પંચે જાહેર કરેલા આંકડાઓ પ્રમાણે અત્યાર સુધીમાં  સરેરાશ 26 ટકા મતદાન નોંધાયું હતું. સૌથી વધારે મતદાન પશ્ચિમ બંગાળમાં 36.88 ટકા જ્યારે સૌથી ઓછું મતદાન ઓડિશામાં 21.30 ટકા નોંધાયું હતું.

ઓડિશામાં આજે ત્રીજા તબક્કામાં વિધાનસભાની 42 બેઠકો માટે સરેરાશ 21.32 ટકા મતદાન નોંધાયું છે. આ ઉપરાંત હરિયાણાની કરનાલ અને ઉત્તર પ્રદેશની જ્ઞાનસારી બેઠક માટે પણ પેટા ચૂંટણી થઈ રહી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકોને મોટી સંખ્યામાં  મતદાન કરવાની અપીલ કરી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ લખ્યું છે કે લોકતંત્રમાં દરેક મતનું મૂલ્ય છે. તેમણે ખાસ મહિલાઓ અને યુવાનોને મતદાનની અપીલ કરી હતી.

આ તબક્કામાં કુલ 889 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. જેમાં ભાજપના નેતા ધરમેન્દ્ર પ્રધાન, મેનકા ગાંધી, મનોહર લાલ ખટ્ટર, સંબિત પાત્રા, બાંસુરી સ્વરાજ અને મનોજ તિવારી ઉપરાંત કોંગ્રેસના દિપેન્દ્રસિંહ હૂડા, કુમારી શૈલજા, રાજ બબ્બર, કનૈયા કુમાર તેમજ સમાજવાદી પાર્ટીના નેતા ધરમેન્દ્ર યાદવ, પીડીપી નેતા મહેબૂબા મુફ્તી સામેલ છે.

આ તબક્કામાં અંદાજે 11.13 કરોડ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરી રહ્યા છે, જ્યારે  વિવિધ રાજ્યોમાં 1.14 લાખ ચૂંટણી કેન્દ્રો ઉભા કરાયા છે.

## *CAMPAIGN TODAY*

લોકસભા ચૂંટણીના સાતમા તબક્કા માટે પ્રચાર અભિયાન તેજ બન્યું છે. વિવિધ પક્ષોના સ્ટાર પ્રચારકો મતદારોને રિઝવવા પ્રયાસો કરી રહ્યા છે. આ તબક્કામાં સાત રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની કુલ 57 બેઠકો માટે 1 જૂનના રોજ મતદાન થશે. આ બેઠકો પર 904 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બિહારની મુલાકાતે છે. પટણાના પાટલીપુત્રમાં ચૂંટણી સભા સંબોધતા શ્રી મોદીએ કોંગ્રેસ, આરજેડી અને ઇન્ડિ ગઠબંધન સામે પ્રહાર કર્યા હતા. શ્રી મોદી પટણા ઉપરાંત રોહતાસ અને બક્સરમાં પણ ચૂંટણીસભા સંબોધશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે હિમાચલ પ્રદેશની મુલાકાતે છે. તેમણે હમિરપુરમાં ચૂંટણી સભા સંબોધી હતી, બાદમાં તેઓ કાંગડામાં ચૂંટણી સભા સંબોધશે.

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે અને નેતા રાહુલ ગાંધી આજે હિમાચલમાં ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે.

## *PM DD INTERVIEW*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ચૂંટણી લોકતંત્રમાં મોટો ઉત્સવ છે, અને ભાવી પેઢીઓના મનમાં લોકતંત્રના મૂલ્યોને સ્થાપિત કરવાનો અનેરો અવસર પણ. ડીડી ન્યૂઝને આપેલા એક ઇન્ટરવ્યૂમાં શ્રી મોદીએ કહ્યું કે... સરકાર કે કોઈ રાજકીય દળોએ પોતાનો કામનો હિસાબ આપવો જોઈએ. શ્રી મોદીએ કહ્યું કે ચૂંટણી લોક સંપર્ક માટેનું એક અભિયાન છે. વધુમાં તેમણે કહ્યું તેઓ કોઈ પણ પ્રકારની ટીકાને ગંભીરતા પૂર્વક લે છે.

## *PRESIDENT VICE PRESIDENT POLLING*

દિલ્હીની તમામ સાત લોકસભા બેઠકો માટે મતદાન થઈ રહ્યું છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ સહિત જાણીતા નેતાઓએ મતદાન કર્યું હતું. કૉંગ્રેસના નેતા સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી અને કેન્દ્રીય મંત્રી એસ. જય શંકર, હરદીપ પુરી, દિલ્હીના મંત્રી અને આપના નેતા આતિશી સહિતના નેતાઓએ મતદાન કર્યું હતું.

દિલ્હીની સાત સંસદીય બેઠકો માટે કુલ 162 ઉમેદવારો મેદાનમાં છે. ભાજપના નેતા મનોજ તિવારી અને બાંસુરી સ્વરાજ, આમ આદમી પાર્ટીના સોમના ભારતી, કુલદીપ કુમાર અને કૉંગ્રેસના નેતા કનૈયા કુમાર તેમજ જે.પી. અગ્રવાલ સહિતના નેતાઓના ભાવીનો ફેંસલો થશે. દિલ્હીમાં કુલ એક કરોડ 52 લાખ લોકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી રહ્યા છે. જેમાંથી લગભગ 82 લાખ પુરુષો, જ્યારે કે 70 લાખ મહિલા મતદારો છે. સાત સંસદીય વિસ્તારોના 13 હજાર, 637 મતદાન કેન્દ્રો પર મતદાન શરૂ થયું છે. એક લાખથી વધારે સુરક્ષાકર્મીઓ તૈનાત કરાયા છે.

## *INDIA FOREX*

દેશનું વિદેશી હૂંડિયામણ 17 મેના રોજ પૂર્ણ થયેલા સપ્તાહમાં ચાર અબજ 54 કરોડ, 90 લાખ ડોલરથી વધીને 6 ખરબ, 48 અબજ, 70 કરોડ ડૉલરની નવી સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યું છે. સતત ત્રીજા સપ્તાહે દેશના વિદેશી હૂંડિયામણમાં વધારો નોધાયો છે.

સપ્તાહ દરમિયાન સોનાની અનામતમાં એક અબજ, 24 કરોડ, 40 લાખ ડોલરની વધીને 57 અબજ, 19 કરોડ, 50 લાખ ડોલર થયો છે. જ્યારે કે સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ (SDRમાં 11 કરોડ, 30 લાખ ડોલરનો વધારો થતાં 18 અબજ, 16 કરોડ 80 લાખ ડોલર થયું છે.

## *IMD WEATHER*

દેશના ઉત્તર અને ઉત્તર પશ્ચિમી ભાગોમાં પ્રચંડ ગરમીની સ્થિતિ યથાવત છે.

હવામાન વિભાગે દેશના વિવિધ ભાગોમાં રેડ અને ઑરેન્જ અલર્ટ જાહેર કર્યા છે. ગુજરાત, રાજસ્થાન, પંજાબ, હરિયાણા-ચંદીગઢ, પશ્ચિમી ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશના મોટાભાગના વિસ્તારોમાં આગામી બેથી ત્રણ દિવસ ગરમીનું મોજું યથાવત રહેવાની શક્યતા છે. ગઈકાલે પશ્ચિમી રાજસ્થાનના ફલોદીમાં મહત્તમ તાપમાન 49 ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતું.

આ તરફ કેરળ, આંદમાન અને નિકોબાર, કોંકણ, ગોવા તેમજ વિદર્ભમાં આગામી બે દિવસ સુધી ભારે વરસાદની શક્યતા છે.

## *PAKISTAN HEATWVE*

પાકિસ્તાનમાં ગરમીનો પારો 50 ડિગ્રી સેલ્સિયસને પાર પહોંચ્યો છે.

અહીં ગરમીને કારણે હૉસ્પિટલમાં સારવાર લેનારા દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે. પાકિસ્તાન સરકારના આબોહવા પરિવર્તનના પ્રમુખ રોમિના આલમે એક નિવેદનમાં કહ્યું છે કે દેશમાં સતત ચોથા દિવસે ગરમી યથાવત છે, અને આગામી એક સપ્તાહ સુધી લૂની સ્થિતિ રહેશે.

પાકિસ્તાનના મુખ્ય હવામાન વૈજ્ઞાનિક સરદાર સરફરાઝના જણાવ્યા અનુસાર આજે તાપમાન 51 ડિગ્રી સુધી પહોંચી શકે છે. સિંધ અને દક્ષિણી પ્રાંતમાં લોકોને એમ્બ્યુલન્સમાં હૉસ્પિટલ લઈ જવામાં આવી રહ્યા છે. મોટાભગના શહેરોમાં ગરમીને જોતા અસ્થાયી મેડિકલ કૅમ્પ શરૂ કરાયા છે.

પાકિસ્તાનમાં ગયા અઠવાડિયે શાળાઓ અને પરીક્ષીઓને અસ્થાયી સમય માટે સ્થગિત કરાઈ હતી. અહીંની હૉસ્પિટલોમાં આફતની સ્થિતિ જાહેર કરાયેલ છે.

# *CYCLONE UPDATE*

બંગાળની ખાડી ઉપર બનેલું હવાનું તીવ્ર દબાણ આજે સાંજ સુધીમાં ચક્રવાતમાં ફેરવાશે. આ ચક્રવાતને રેમલ નામ અપાયું છે, જે બાંગ્લાદેશની મધ્યમાંથી પસાર થવાની શક્યતા છે. ચક્રવાતને પગલે પશ્ચિમ બંગાળ અને ઓડિશાના કાંઠા વિસ્તારો ઉપરાંત પૂર્વના કેટલાક ભાગોમાં ભારે વરસાદ થવાની શક્યતા છે.

ચક્રવાતને જોતા રાષ્ટ્રીય આફત નિવારણની 12 ટીમો ઉપરાંત વધારાની 5 ટીમો જુદા જુદા જિલ્લાઓમાં તૈનાત કરાઈ છે. આ ઉપરાંત નૌકાદળના જહાજ અને વિમાનો ઉપરાંત તટરક્ષક દળોની બચાવ ટીમો પણ તૈયાર રાખવામાં આવી છે.

# *PNG-LANDSLIDE*

પાપુઆ ન્યુ ગિનીમાં થયેલા ભૂસ્ખલનમાં ત્રણસોથી વધુ લોકોના મોત થયાની શક્યતા છે. અને મૃત્યુઆંક વધવાની પણ શક્યતા છે. આ ભૂસ્ખલનમાં 1100 થી વધુ મકાનો નાશ પામ્યા છે. અને આ વિસ્તારના છથી વધુ ગામો પ્રભાવિત થયા છે. અહી આપત્તિ નિવારણ દળના અધિકારીઓ, સંરક્ષણ દળ સહિતના કર્મચારીઓ રાહત અને બચાવ કાર્યમાં જોડાયા છે. ભૂસ્ખલનને કારણે હાઇવેનો પ્રવેશ બંધ થઈ ગયો હોવાથી અહી હેલિકોપ્ટર દ્વારા જ પહોંચી શકાય તેમ છે.

# *PUNE _ ACCIDENT*

પુણેના કલ્યાણી નગરમાં ચર્તિત કાર અકસ્માત કેસમાં સગીર યુવાનના પિતા ઉપરાંત અન્ય પાંચ લોકોને 7 જૂન સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલી અપાયા છે. સગીરને પહેલા જ રિમાન્ડ હોમ મોકલી દેવાયો છે. દરમિયાન યરવડા પોલીસ સ્ટેશનના બે પોલીસકર્મીઓને પણ બરતરફ કરાયા છે. રવિવારે થયેલા આ અકસ્માતમાં રાજકીય દબાણ તેમજ પ્રાથમિક પુરાવાઓમાં વિલંબનો આરોપ થઈ રહ્યો છે.

## *REV ARCHERY*

ભારતે દક્ષિણ કોરિયાના યેચેઓનમાં  રમાયેલી વિશ્વ કપની  સ્ટેજ ટુ સ્પર્ધામાં મહિલા તીરંદાજીમાં, એક સુવર્ણ અને એક રજત ચંદ્રક જીત્યો છે. જ્યોતિ સુરેખા વેન્નમ, પરનીત કૌર અને અદિતિ સ્વામીની બનેલી ભારતીય કમ્પાઉન્ડ મહિલા ટીમે ફાઇનલમાં તુર્કીની સ્પર્ધકોને હરાવીને સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. જ્યારે

જ્યોતિ અને પ્રિયાંશની ભારતીય કમ્પાઉન્ડ મિશ્રિત ટીમે રજત ચંદ્રક જીત્યો હતો.

## *IPL MATCH*

IPLની બીજી ક્વૉલીફાયર મેચમાં સનરાઇઝર્સ હૈદરાબાદે રાજસ્થાન રોયલ્સને 36 રનથી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

176 રનના લક્ષ્યાંકનો પીછો કરતા, રાજસ્થાન રોયલ્સ ટીમ 20 ઓવરમાં 7 વિકેટ ગુમાવીને 139 રન બનાવી શકી હતી. પ્રથમ બોલિંગ કરતા સનરાઇઝર્સ હેદરાબાદે 20 ઓવરમાં 9 વિકેટ પર 175 રન બનાવ્યા હતા.

આવતીકાલે ચેન્નઈમાં સનરાઇઝર્સ હૈદરાબાદ અને કોલકાતા નાઇટરાઇડર્સ વચ્ચે અંતિમ મુકાબલો થશે.